GJBK010007742026

**:– આંક–૧ લગત હુકમ :–**

૧. એપેલેન્ટે હાલની આ અપીલ પાલનપુરના બીજા એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટશ્રી નાઓએ ક્રિમીનલ કેસ નંબર ૫૫૮૯/૨૦૨૪ ના કામે તેમને નેગો.ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં ક્રિ. પ્રો. કોડ ની કલમ ૨૫૫(૨) મુજબ તકસીરવાન ઠરાવી કેદની સજા તથા ફરીયાદીને વળતર ચુકવી આપવા કરેલ હુકમથી નારાજ થઈ હાલની આ અપીલ બી. એન. એસ. એસ. ની કલમ ૪૧૫ (૩) મુજબ દાખલ કરેલ છે.

૨. અપીલ સુનવણીના તબકકે પેન્ડીંગ હતી તે દરમ્યાન બંને પક્ષકારો હાજર થયેલ છે. તેમની સાથે તેમના વિ.વ.શ્રી.ઓ પણ હાજર થયેલ છે. એડી. પી. પી. શ્રી જે. એસ. પટેલ સરકારશ્રી તરફે હાજર થયેલ છે. બંને પક્ષકારોએ તેમની વચ્ચે સુખદ સમાધાન થયેલ હોવાનું જણાવેલ છે. તેમણે તેમની વચ્ચેનું સમાધાન લેખિતમાં પુરશીસ આપી પોતાની સહીઓ કરી અદાલત સમક્ષ રજૂ કરેલ છે. તેમજ તેમણે અદાલત સમક્ષ રૂબરૂમાં પણ જણાવેલ છે કે, તેમની વચ્ચે સમાધાન થઈ ગયેલ છે અને ચેકના બાકીના સંપૂર્ણ નાણાં એપેલેન્ટે રીસ્પોડન્ટને (મુળ ફરીયાદીને) ચુકવી આપેલ છે અને હવે પછી આ ચેકને લગત કોઈ વ્યવહાર બાકી રહેતો નથી. આ કામના રીસ્પોડન્ટે(મુળ ફરીયાદીએ) ટ્રાયલ કોર્ટનો હુકમ રદ કરી, એપેલેન્ટને છોડી મુકવામાં આવે તો તેમને વાંધો ન હોવાનું અદાલત સમક્ષ જાહેર કરેલ છે.

૩. બંને પક્ષકારોની રજૂઆતો ધ્યાને લીધી. તેમની લેખિત પુરશીસ વંચાણે લીધી. કાયદાકીય પ્રબંધો ધ્યાને લીધા. નેગો. ઈન્સ્ટ્રુ. એકટ ની કલમ ૧૩૮ મુજબનો ગુનો તે જ કાયદાની કલમ ૧૪૭ અન્વયે સમાધાન પાત્ર છે. અપીલના તબકકે પણ સમાધાન થાય છે. અપીલનું પરીણામ લાવી શકાય છે. આ કામે અપીલના તબકકે પક્ષકારો વચ્ચે સુખદ સમાધાન થયેલ હોવાથી તે અન્વયેની પુરશીસ પણ રજૂ થયેલ હોવાનું અને તેમણે અદાલત સમક્ષ

હાજર થઈ રૂબરૂમાં પણ ઉપરોકત હકીકત જાહેર કરેલ હોવાથી તેમનું સમાધાન સ્વૈચ્છીક હોવાથી સ્વીકારવામાં આવે છે. આ તબકકે નામ. સુપ્રિમકોર્ટના દામોદર એસ.પ્રભુ વિ. સૈયદ બાબાલાલ એચ. એ.આઈ.આર. ૨૦૧૦ (એસ.સી.) ૧૯૦૭ ના ચૂકાદા મુજબ પક્ષકારોએ સમાધાન અપીલના તબકકે કર્યુ તે બદલ તેમને જીલ્લા કાનુની સેવા સત્તા મંડળમાં નાણાં જમા કરાવવા હુકમ કરી શકાય પરંતુ એપેલેન્ટની આર્થિક પરિસ્થિતિ ધ્યાને લેતાં તેમજ ફરીયાદીએ પણ ચેકની રકમ માટે એપેલેન્ટની આર્થિક પરિસ્થિતિ ધ્યાને લઈ સમાધાન કરેલ હોવાથી નામ. સુપ્રિમ કોર્ટના મધ્યપ્રદેશ સ્ટેટ લીગલ સર્વિસ ઓથો. વિ. પ્રતિક જૈન ૨૦૧૪ (૧૦) એસ.સી.સી. ૬૯૦ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત કે જે લોક અદાલત માટે છે અને આજ રોજ નેશનલ લોક અદાલતમાં પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ હોવાથી હાલની અપીલ લગત ન્યાયના હિતમાં નીચે મુજબ નો હુકમ કરવો યોગ્ય જણાય છે.

**:- આખરી હુકમ :-**

આંક.૧૦ ની સમાધાન પુરશીસ આધારે હાલની અપીલ સમાધાનથી ફેસલ કરી, પાલનપુરના બીજા એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટશ્રી નાઓએ ક્રિમીનલ કેસ નંબર ૫૫૮૯/૨૦૨૪ ના કામે એપેલેન્ટ/ આરોપીને ક્રિ.પ્રો. કોડની કલમ ૨૫૫(૨) અન્વયે ધી નેગો.ઈન્સ્ટ્રુ. એકટ ની કલમ-૧૩૮ મુજબના ગુનાના કામે ફરમાવેલ કેદની સજા તથા વળતરનો કરેલ સમગ્ર હુકમ આથી રદ કરવામાં આવે છે અને એપેલેન્ટને આ ગુના સબબ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ ચૂકાદાની પ્રમાણિત નકલ તથા ટ્રાયલ કોર્ટનું અસલ રેકર્ડ સંબંધિત ટ્રાયલ કોર્ટને મોકલી આપવું.

હુકમ આજરોજ નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

મુ.પાલનપુર.
તા.૧૪/૦૩/૨૦૨૬

**(પીયૂષકુમાર અશોકભાઈ પટેલ)**
ત્રીજા એડિશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા-પાલનપુર.
કોડ નંબર જી. જે. ૦૦૮૦૩